# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૮ તા.૨૦-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- ‘સ્કુલ સેફટી’ પ્રોગ્રામ અંતર્ગત ફાળવવામાં આવનાર ગ્રાન્ટ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : એસએસએ/કયુઈસેલ/૧/૨૦૨૧/૮૯૬૩-૯૦૩૭ તા.૦૨-૦૩-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,સ્કૂલ સેફટી પ્રોગ્રામ અંતર્ગત પ્રતિ શાળાદીઠ રૂ.૫૦૦/- ગ્રાન્ટ એસએમસી. કક્ષાએ ફાળવવામાં આવનાર છે.

આ ગ્રાન્ટ અંતર્ગત હાલ કોરોના મહામારીના કારણે આવેલ પરિસ્થિતિને અનુકુળ થવા, વિદ્યાર્થીઓને કોવીડ-૧૯ અંગે જાગૃતિ લાવવા તેમજ કોરોનાના રક્ષણ અર્થે સાધન સામગ્રી વિશેષ જરૂરિયાત અને સ્કૂલ સેફટી અંતર્ગત વિવિધ સાધન સામગ્રીની શાળાની જરૂરિયાતને ધ્યાને લઈ ખર્ચ કરી શકાય. સ્કૂલ સેફટી અંતર્ગત ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંગે શાળામાં કુદરતી આફત સમયે રક્ષણ, આકસ્મિક આગ, હોનારત, ઈલેક્ટ્રીક પ્રવાહથી આગ, પ્રયોગશાળામાં કેમીકલના બ્લાસ્ટથી આગ કે અન્ય પરિસ્થિતિ કે કોરોના મહામારી અંગે કાળજી લેવા યોગ્ય સાધન સામગ્રી જેવી વિવિધ બાબતોના તકેદારીના ભાગરૂપે બચાવ અર્થેના આયોજન અંગે ગ્રાન્ટનો ખર્ચ કરી શકાશે.

આ ગ્રાન્ટનો ચાલુ નાણાંકીય વર્ષ એટલે કે તા.૩૧-૦૩-૦૨૧ સુધીમાં ઉપયોગ કરવાનો રહેશે.

તા.૨૦-૦૩-૨૦૨૧

ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી